# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૩ અંક : ૫૯ | વિક્રમ સંવત ૨૦૮૦ : ભાદરવો વદ ૧૩ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 59 • Dt. 30-09-2024 Sunday • Page 08 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

30 SEPTEMBER- 2024 MONDAY




P.07

શાહરૂખ ખાન બન્યો બેસ્ટ એક્ટર આઇફામાં ખિતાબ જીત્યો



P.07

ઐશ્વર્યા જ્યાં પણ જાય છે ત્યાં તેની પુત્રી સાથે હાજર હોય છે

અમેરિકાના નોર્થ કેરોલિનામાં વિમાન બન્યું દુર્ઘટનાનો શિકાર



07



07

ઉત્તર પ્રદેશમાં વરસાદે ભારે તબાહી મચાવી : અવધમાં નદીઓ છલકાઈ | ૧૭ના મોત

**રવિવારે રાજ્યભરમાં મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી**

**હજુ પણ ગુજરાતમાં ૨ દિવસ મધ્યમથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે આપી | સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડશે | હજું ૨૪ કલાક માછીમારોને દરિયો નહીં ખેડવાની સૂચના અપાઈ | અનેક ગામોમાં પાણી ભરાઈ ગયા**

# રાજ્યમાં વરસાદી માહોલ, વડોદરા ફરી જળબંબાકાર

**બાજુ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકા પંથકમાં ૭ ઇંચ વરસાદ પડતાં અનેક વિસ્તારો પાણી પાણી થયા | અવિરત વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી**

| પ્રતિનિધિ, વડોદરા, તા.૨૯ |

રાજ્યભરમાં મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી રહ્યા છે. આ વરસાદી રાઉન્ડમાં ઘણી જગ્યાએ ધોધમાર તો ક્યાંક જોરદાર પવન સાથે વરસાદ વરસી રહ્યો છે.હજુ પણ ગુજરાતમાં ૨ દિવસ મધ્યમથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે આપી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડશે. હજું ૨૪ કલાક માછીમારોને દરિયો નહીં ખેડવાની સૂચના અપાઈ છે. હવામાન વિભાગે રાજ્યમાં ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી કરી છે. વરસાદની આગાહી વચ્ચે વડોદરા શહેર અને જિલ્લામાં ભારે વરસાદ ચાલુ થયો છે. ભારે વરસાદને પગલે શેરીમાં પાણી ભરાવતા શહેરીજનો ચિંતામાં મુકાયા છે.વડોદરામાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ જોવા મળે છે. આજે સવારથી વરસાદે થોડો વિરામ લીધા બાદ ફરી ધોધમાર વરસાદ શરૂ થતાં જ રોડ રસ્તા પર પાણી ફરી વળ્યાં છે. શહેરમાં સતત વરસી રહેલા વરસાદને કારણે નાગરિકોની ચિંતા વધી રહી છે. ફુલબાગ, જગતનાકા, માંજલપુર, જેવા આંબેડકર સર્કલ, પાણીની ટાંકી, વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. વડોદરા ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જામ્યો છે.



**આજે પણ વડોદરામાં ભારે વરસાદની આગાહી**

નોંધનીય છે કે, ગયા વખતે વરસાદી રાઉન્ડમાં ઉપરવાસના ભારે પાણીની આવક થતાં વિશ્વામિત્રી નદીમાં પૂર આવ્યું હતું. જેના પાણી શહેરમાં ફરી વળતા વડોદરા ડૂબી ગયું હતું. ત્યારે આ વખતે એવી કોઈ સ્થિતિ ન બને તે માટે વહીવટીતંત્ર ચાંપતી નજર રાખી રહ્યું છે. વિશ્વામિત્રી નદીમાં જળસ્તર પાર વહીવટી તંત્ર નજર રાખી રહ્યું છે. જેમાં સતત વરસાદની સ્થિતિ અને જળસ્તર પર મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

**ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૯૯.૨૫ ટકા ભરાયો**

## ઉપરવાસમાંથી સતત પાણી આવતા નર્મદા ડેમના ૧૦ દરવાજા ખોલાયા

**નર્મદા ડેમની સપાટીમાં ૨૪ કલાકમાં ૨ સેમીનો વધારો, અનેક ગામોમાં એલર્ટ**

| પ્રતિનિધિ, નર્મદા, તા.૨૯ |

ઉપરવાસમાં ભારે વરસાદ વરસતા નર્મદા ડેમની જળસપાટીમાં વધારો થયો છે. નર્મદા ડેમની સપાટીમાં ૨૪ કલાકમાં ૨ સેમીનો વધારો થયો છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૯૯.૨૫ ટકા ભરાયો છે. નર્મદા ડેમની સપાટી ૧૩૮.૪૬ મીટરે પહોંચી છે. જ્યારે નર્મદા ડેમની મહત્તમ જળસપાટી ૧૩૮.૬૮ મીટર છે.નર્મદા ડેમમાં ૧ લાખ ૪૪ હજાર ક્યૂસેકથી વધુ પાણીની આવક છે. જ્યારે નર્મદા નદીમાં ૧ લાખ ક્યૂસેકથી વધુ પાણી છોડવામાં આવ્યુ છે. જેના પગલે વડોદરા, ભરૂચ અને નર્મદાના ૪૨ ગામોને એલર્ટ કરાયા છે. નર્મદા ડેમ મહત્તમ સપાટી પર પહોંચવામાં માત્ર ૨૨ સેમી બાકી છે. જેના કારણે નર્મદા ડેમના ૧૦ દરવાજા ૧.૩૫ મીટર ખોલવામાં આવ્યા છે.બીજી તરફ વડોદરાના ડભોઈમાંથી પસાર થતી ઢાઢર નદીની જળસપાટી વધી છે. ઉપરવાસમાં વરસાદને પગલે ફરી દેવ ડેમમાંથી પાણી છોડયું છે. તેમજ દંગીવાડા, કબીરપૂરા,નારણપુરા, બંબોજ ગામના રસ્તા પર પાણી ફરી વળ્યા છે. તેમજ કરાલીપુરા જવાનો માર્ગ પણ પાણીમાં ગરકાવ થયા છે.


SHUBHAM sky TRACK

3 BHK PREMIUM FLATS & SHOPS




Sample House Ready

SHREENATH DEVELOPERS

Call : +91 93748 31395 +91 98252 11371 +91 99747 42269

200 Ft.Naroda - Dahegam Road, B/h Dev Ashish Pride And Plaza, Opp.Oscar Hills, Hanspura, Ahmedabad

RERA : PR/AHMEDABAD/AHMEDABAD CITY/AHMEDABAD MUNICIPAL CORPORATION/MN182AA10082/130922 Website : www.gujrera,gujarat.gov.in

પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

મારો વિસ્તાર મારો અવાજ

# મારું ગુજરાત

LOK PATRIKA
Ahmedabad, Monday 30-09-2024 | 02

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## છોટાઉદેપુરના હાફેશ્વર ગામને મળ્યો શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન સ્થળનો એવોર્ડ

। પ્રતિનિધિ, છોટાઉદેપુર, તા.૨૯ ।

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે રાજ્યમાં પ્રવાસન સ્થળોનો બહુમુખી વિકાસ કરીને એક નવી કેડી કંડારી છે, જેના પરિણામ સ્વરૂપે ગુજરાતના નાનકડા હાફેશ્વર ગામે આજે પ્રવાસન ક્ષેત્રે વૈશ્વિકસ્તરે વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ૨૦૨૪માં શ્રેષ્ઠ પર્યટન ગામોની સ્પર્ધાની પ્રથમ આવૃત્તિમાં ૭૯૫ ગામોની અરજીઓ બેસ્ટ ટૂરિઝમમાં મળી હતી, જેમાં વિલેજ કોમ્પિટિશનની બીજી આવૃત્તિમાં ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી કુલ ૯૯૧ અરજીઓ મળી હતી, જેમાંથી બેસ્ટ ટૂરિઝમ વિલેજ સ્પર્ધા ૨૦૨૪ની ૮ કેટેગરીમાં ૩૬ ગામોને વિજેતા તરીકે માન્યતા આપવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજ્યમાંથી છોટાઉદેપુર જિલ્લાના હાફેશ્વરની પસંદગી કરવામાં આવતા હાફેશ્વર ગામના લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે.મા નર્મદાના કિનારે અને પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે વસેલા હાફેશ્વર ગામનું પૌરાણિક શિવજીનું મંદિર નર્મદા નદીના જલસ્રાવ વિસ્તારમાં ડૂબી ગયું છે.

## ઉપરવાસમાં ભારે વરસાદના પગલે ધરોઈ ડેમ ૮૫ ટકા ભરાયો

। પ્રતિનિધિ, ધરોઈ, તા.૨૯ ।

ઉપરવાસમાં ભારે વરસાદના પગલે ધરોઈ ડેમમાં નવા નીરની આવક થઈ છે. હાલમાં ધરોઈ ડેમ ૮૫ ટકા ભરાયો છે. ધરોઈ ડેમની જળ સપાટી ૬૧૮.૦૭ ફૂટ થઈ છે. ધરોઈ ડેમની કુલ જળ સપાટી ૬૨૨ ફૂટ આવ્યા છે. ડેમમાં હાલમાં ૧૧૫૭ ક્યુસેક પાણીની આવક ચાલુ છે. વરસાદી પાણીની આવક વધતા જળ સ્ટોક વધ્યો છે.બીજી તરફ નર્મદા ડેમની સપાટીમાં ૨૪ કલાકમાં ૨ સેમીનો વધારો થયો છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૯૯.૨૫ ટકા ભરાયો છે. નર્મદા ડેમની સપાટી ૧૩૮.૪૬ મીટરે પહોંચી છે. જ્યારે નર્મદા ડેમની મહત્તમ જળસપાટી ૧૩૮.૬૮ મીટર છે. નર્મદા ડેમમાં ૧ લાખ ૪૪ હજાર ક્યૂસેકથી વધુ પાણીની આવક છે. જ્યારે નર્મદા નદીમાં ૧ લાખ ક્યૂસેકથી વધુ પાણી છોડવામાં આવ્યુ છે.

### ગરબા રસિયાઓને શું મળ્યા રાહતના સમાચાર

# ૨૪ કલાક પછી આગામી દિવસોમાં વરસાદનું જોર ઘટશે તેવી શક્યતાઓ

### કેટલાક જિલ્લાઓમાં માટે ઓરેન્જ એલર્ટ અપાયું તો કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદનું યેલો એલર્ટ

। સીટી રિપોર્ટર, અમદાવાદ, તા.૨૯ ।



નવરાત્રીને આડે ગણતરીના દિવસો બાકી છે. ત્રણ ઓક્ટોબર નવરાત્રિના પ્રથમ દિવસથી ૫ ઓક્ટોબર સુધી હસતા નક્ષત્રમાં ગાજવીજ અને પવન સાથે કેટલાક ભાગોમાં ધોધમાર વરસાદ થવાની શક્યતા છે. ગરબાના રસિયાઓને રાહત મળે એવી હવામાન વિભાગે આગાહી કરી છે.સાયકલોનિક સર્ક્યુલેશનની મોન્સૂન ટ્રફ ગુજરાતમાં એક્ટિવ થતા વરસાદની શક્યતાઓ સર્જાઈ હતી. આગામી ૨૪ કલાક પછી આગામી દિવસોમાં વરસાદનું જોર ઘટશે. હવામાન વિભાગે રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે, જ્યારે કેટલાક જિલ્લાઓમાં માટે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે તો કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદનું યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. સાથે જ આગામી ૨ દિવસ બાદ રાજ્યમાં ચોમાસાની ગતિવિધિમાં ઘટાડો થશે. દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે સૌરાષ્ટ્રના ભાગોમાં પણ વરસાદની શક્યતા સેવાઈ રહી છે. પરંતુ રાહતની વાત એ છે કે આગામી ૨૪ કલાક દિવસ બાદ રાજ્યમાં વરસાદનું જોર ઘટશે.

રાજ્યમાં આજથી વરસાદનું જોર ઘટશે. આજે રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે અમદાવાદ અને ગાંધીનગરમાં હળવા વરસાદની આગાહી કરાઈ છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લીમાં મધ્યમ વરસાદની આગાહી કરાઈ છે. ચોમાસાના વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે અને મેઘરાજા ભૂક્કા બોલાવી રહ્યા છે. ત્યારે આજે પંચમહાલ, દાહોદ, સુરત અને નવસારી સહિતના જિલ્લામાં મેઘરાજાનું આગમન થયું.

આજે ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, ભરૂચ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, તાપીમાં મધ્યમ વરસાદની આગાહી કરાઈ છે. સુરત, વલસાડ, નવસારી, દમણ દાદરાનગર હવેલીમાં મધ્યમ વરસાદની આગાહી છે. સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢમાં હળવા વરસાદની આગાહી છે. અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ, દીવમાં હળવા વરસાદની આગાહી કરાઈ છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે ચોમાસાની સિઝનમાં ગુજરાત રિજયનમાં ૨૮% વધુ વરસાદ થયો છે. તો સૌરાષ્ટ્ર કચ્છમાં ૭૨% વધુ વરસાદ થયો છે અને અમદાવાદમાં ૧૯% વધુ વરસાદ વરસ્યો છે.

## ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે ખાબક્યો ધોધમાર વરસાદ

। પ્રતિનિધિ, ખંભાળિયા, તા.૨૯ ।

ગુજરાતના અનેક જિલ્લાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ત્યારે દ્વારકાના ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ પવન સાથે ભારે વરસાદ ખાબક્યો છે. ઉપરવાસમાં ભારે વરસાદના પગલે ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે સ્થાનિક નદીમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. તેમજ ભાડથર, ઠાકર શેરડી, ભીંડા, ફોટ, સહિતના ગામોમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી છે.છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૬ તાલુકામાં વરસાદ વરસ્યો છે. સૌથી વધુ ભાવનગરના મહુવામાં ૬.૯ ઈંચ વરસાદ વરસ્યો છે. ભાવનગરના ઉમરાળામાં ૪ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. આ તરફ ભાવનગરના જેસરમાં ૩.૮ ઈંચ વરસાદ નોંધાયો છે. ભાવનગરના પાલિતાણામાં ૩.૨ ઈંચ વરસાદ વરસ્યો છે.તેમજ બોટાદના ગઢડામાં ૩.૨ ઈંચ વરસાદ વરસ્યો છે. ભાવનગરના શિહોરમાં ૩ ઈંચ વરસાદ વરસ્યો નોંધાયો છે. ૧૨ તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત ૩૮ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

## ગુજરાતમાં ભાદરવો ભરપૂર! આજે ૭૩ તાલુકામાં મેઘમહેર થઇ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૯ ।

ભાદરવો ભરપૂર ઉક્તિ સાર્થક ઠરી રહી હોય તેમ ગુજરાતમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી છે. જેમાં સૌથી વધુ વરસાદ તાપીના ડોલવણમાં ૨.૪૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત સુરતના ઓલપાડમાં ૧.૭૩ ઈંચ, વાંપીમાં ૧.૫૦ ઈંચ અને કપરાડામાં ૧.૪૨ ઈંચ જેટલો વરસાદ નોંધાય છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે (૨૮મી સપ્ટેમ્બર) સુરત, ભાવનગર, અમરેલી, તાપી અને નર્મદામાં છુટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ સંભાવના છે. જ્યારે અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલ, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, અમદાવાદ, સુરેન્દ્રનગર, બોટાદ, રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, નવસારી, ડાંગ, દમણ અને દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

## ગાંધીજીના બદલે અનુપમ ખેરના ફોટા વાળી ચલણી નોટ ઝડપાઇ


। ક્રાઈમ રિપોર્ટર, અમદાવાદ, તા.૨૯ ।

તમે જો પાંચસોની ચલણી નોટ પર ગાંધીજીના બદલે અનુપમ ખેરનું ચિત્ર જુઓ તો આશ્ચર્ય નહીં પણ આઘાત લાગે. જોકે એવું થયું છે. આમ તો આપણે હવે મોટેભાગે રૂપિયાનું ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરીએ છીએ. યુપીઆઈ જેવી એપથી પૈસાનો વ્યવહાર ભલે ચાલતો પરંતુ રોકડનું ચલણ પણ કંઈ બંધ નથી થયું. એટલે જ જો કોઈ મોટી રકમની લેવડદેવડ રોકડેથી કરવાની થાય તો શું થઈ શકે છે, એ અમદાવાદની ઘટનામાં જોવા મળ્યું.અમદાવાદના માણેકચોકમાં એક એવી ઘટના બની કે જે જોઈને તમારે હસવું કે રડવું એ નક્કી નહીં કરી શકાય. થયું એવું કે માણેકચોક વિસ્તારમાં મેહૂલ નામના બુલિયનના વેપારી સાથે લક્ષ્મી જ્વેલર્સના મેનેજર પ્રશાંત પટેલ વચ્ચે ૨૧૦૦ ગ્રામ સોનાની ડિલિવરી આપવા માટે ૧.૬૦ કરોડમાં ડિલ થઈ.સોનુ તેમણે સીજી રોડ પર એક આંગડિયા પેઢીની ઓફિસ પર મગાવ્યુ જેની સામે રૂપિયા ૫૦૦ ની દરની ૧.૩૦ કરોડની રકમ પણ આપી અને બાકીના ૩૦ લાખ રૂપિયા ઓફિસેથી જવાનું કહીને બે ગઠિયાઓ ફરાર થઈ ગયા હતા. વેપારીએ તપાસ કરી તો જાણવા મળ્યું કે આ ૧.૩૦ કરોડની જે રકમ તેમણે ચુકવી હતી એ તમામ ૫૦૦ ના દરની નોટો નકલી હતી.

### કર્ણાવતી કલબની સામે ૪૦ લાખની દિલધડક લૂંટ

# અમદાવાદ શહેરમાં ફરી એક વખત લાખો રૂપિયાની લૂંટથી ભારે ચકચાર

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૯ ।



શહેરમાં ફરી એક વખત લાખો રૂપિયાની લૂંટથી ચકચાર મચી ગઈ છે. કર્ણાવતી ક્લબની સામેથી ૪૦ લાખની દિલધડક લૂંટ થઈ છે. બાઈક પર આવેલા શખ્સોએ આ લૂંટને અંજામ આપ્યો હતો. ઈનોવા કારમાંથી રૂપિયા ભરેલી બેગ લઈ અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા. કોન્ટ્રાકટર આંગડિયા પેઢીમાંથી રૂપિયા લઈને જતો હતો. ત્યારે બાઈક પર આવેલા શખ્સોએ તમારી કારમાં પંચર છે કહીને કાર ચાલકની નજર ચૂકવીને લૂંટ કરી હતી. આ ઘટના બાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, કર્ણાવતી ક્લબની સામેના રોડ પર આંગડિયા પેઢીમાંથી એક કોન્ટ્રાક્ટર રૂપિયા લઈને ઈનોવા કારમાં જઈ રહ્યો હતો. ત્યારે તેની કાર પાસે બાઈક લઈને આવેલા બે શખ્સોએ તેની કાર અટકાવીને કારના ટાયરમાં પંચર હોવાનું જણાવ્યું હતું. લૂંટારુઓની ચાલ ન સમજી શકનાર કોન્ટ્રાક્ટર કારમાંથી નીચે ઉતરીને ટાયર જોવા ગયો હતો. એટલી વારમાં કારની પાછળની સીટમાં પડેલા રૂપિયા ભરેલો થેલો લઈને બંને શખ્સો પલાયન થઈ ગયા. ઘટના અંગે જાણ થતાં ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા અને લૂંટારુઓને પકડવા કાર્યવાહી શરૂ કરી છે.કર્ણાવતી ક્લબની સામેની બાજુથી સેટેલાઈટ તરફ જતા રસ્તા પર લૂંટનો આ બનાવ બન્યો. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ દ્વારા લૂંટ મામલે તપાસ હાથ ધરવામાં આવી છે.



### સરખેજ શાંતિપુરા સર્કલ પાસેની ઘટના

# પીસીબીએ ફિલ્મીઢબે કારનો પીછો કરીને ૧૨૦૦ બોટલ દારૂ જપ્ત કર્યો

**તપાસમાં જાણવા મળ્યું હતું કે બુટલેગર દારૂનો જથ્થો રાજસ્થાનથી લાવીને નરોડામાં બુટલેગરને સપ્લાય કરવાનો હતો**






। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૯ ।

શહેરના સાણંદ શાંતિપુરા સર્કલ પાસે શુક્રવારે પીસીબીને સ્ટાફે વિરમગામથી દારૂનો જથ્થો લઈને આવી રહેલા બુટલેગરની કારને પકડવા માટેનો પ્રયાસ કરતા બુટલેગરે પોલીસની કારને અકસ્માત કર્યો હતો. જેથી પોલીસે પીછો કરીને તેને ઝડપીને ૧૨૦૦ બોટલ વિદેશી દારૂ જપ્ત કર્યો હતો. આ અકસ્માતમાં દારૂ લઈને જતા બુટલેગરને ઈજા થતા તેને સારવાર માટે મોકલવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે બુટલેગર દારૂનો જથ્થો રાજસ્થાનથી લાવીને નરોડામાં બુટલેગરને સપ્લાય કરવાનો હતો. આ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. પીસીબીના પીઆઈ એમ સી ચૌધરીને ચોક્કસ બાતમી મળી હતી કે શુક્રવારે રાતના સમયે રાજસ્થાનથી એક કારમાં દારૂનો જથ્થો લઈને વિરમગામ થઈને એક વ્યક્તિ સરખેજ શાંતિપુરા સર્કલ થઈને પસાર થવાની છે.જેના આધારે પીએસઆઇ વી ડી ખાંટ અને તેમના સ્ટાફે શાંતિપુરા સર્કલ પાસે કારને રોકવા માટે અન્ય બે ગાડીઓની કારની આડશ રસ્તા પર મૂકી હતી. પરંતુ, બુટલેગરે કારને ઉભી રાખવાને બદલે એક કારને અથડાવીને સનાથલ સર્કલ તરફ નાસી ગયો હતો. જેથી પોલીસ અન્ય કાર દ્વારા પીછો કર્યો હતો. આ સમયે બુટલેગરે અન્ય કારને અથડાવીને બ્રેક મારતા પોલીસ કારમાં પણ નુકશાન થયું હતું. ત્યારબાદ પોલીસે કારને આંતરીને બુટલેગરને આંતરીને તપાસ કરતા તેમાંથી ૧૨૦૦ બોટલ દારૂ મળી આવ્યો હતો. પ્રાથમિક પુછપરછમા તેનું નામ રમેશ બિશ્નોઇ (રહે. ઝાલોર, રાજસ્થાન) હોવાનું જાણવા મળ્યું હતું. દારૂનો જથ્થો સાંચોરથી લાલભાઈ નામના બુટલેગરે ભરાવ્યો હતો અને નરોડામાં સુરેન્દ્રસિંહ ભાટી નામના સ્થાનિક બુટલેગરને આપવાનો હતો. અકસ્માતમાં રમેશ બિશ્નોઈને ઈજા થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં મોકલાયો હતો. આ સમગ્ર મામલે સરખેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. શહેરના સાણંદ શાંતિપુરા સર્કલ પાસે શુક્રવારે પીસીબીને સ્ટાફે વિરમગામથી દારૂનો જથ્થો લઈને આવી રહેલા બુટલેગરની કારને પકડવા માટેનો પ્રયાસ કરતા બુટલેગરે પોલીસની કારને અકસ્માત કર્યો હતો.

### ગુજરાતમાં ૨ દિવસ મધ્યમથી ભારે વરસાદની આગાહી

## ભાવનગરમાં ૭ ઇંચ વરસાદ પડતાં અનેક વિસ્તારો જળબંબાકાર થયા

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૯ ।

હજુ પણ ગુજરાતમાં ૨ દિવસ મધ્યમથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે આપી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડશે. હજું ૨૪ કલાક માછીમારોને દરિયો નહીં ખેડવાની સૂચના અપાઈ છે. બીજી બાજુ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકા પંથકમાં ૭ ઈંચ વરસાદ પડતાં અનેક વિસ્તારો પાણી પાણી થયા છે. ગઈકાલે (શનિવાર) બપોર બાદ વરસાદ શરૂ થતાં ૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. જોકે બાદમાં પણ અવિરત શરૂ રહેતા વધુ ૩ ઈંચ વરસાદ નોંધાયો હતો.મહુવાના કોલેજ રોડ, ગાંધીબાગ, ગોકુળનગર, પરશુરામ ચોક, જનતા પ્લોટ અને સ્વામિનારાયણ મંદિર રોડ વિસ્તારમાં પાણી ભરાયા હતા. મહુવા શહેર અને પંથકમાં સારો વરસાદ પડતાં નદી નાળા છલકાય ગયા છે. ધોધમાર વરસાદના પરિણામે તાલુકાના બગડ, રોજકી અને માલણ ડેમ ઓવરફ્લો થયા હતા. નોંધનીય છે કે ભાવનગર જિલ્લામાં ૨૪ કલાક દરમ્યાન વરસાદ નોંધાયેલો હતો. ભાવનગર શહેર જિલ્લામાં બપોર બાદ મેઘો ફરી મંડાયો હતો. જિલ્લામાં બપોરે બે વાગ્યા બાદ શરૂ થયેલા વરસાદે અનરાધાર બેટિંગ નોંધાવી હતી. જિલ્લાના તમામ તાલુકામાં ધોધમાર વરસાદ પડતા સમગ્ર પંથક પાણી પાણી થઈ ગયો હતો.

## વડોદરામાં એસએસજી હોસ્પિટલ બહાર દબાણ હટાવાતા દારૂડિયાનો ગળાફાંસો ખાવાનો પ્રયાસ

। પ્રતિનિધિ, વડોદરા,તા.૨૯ ।

વડોદરાની સયાજી હોસ્પિટલમાં આવેલા મેડિકલ કોલેજ ઓડિટોરિયમ ખાતે આજે લઘુ ઉદ્યોગ ભારતી ક્ષેત્રિય સંમેલન યોજાઈ રહ્યું છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યા છે. તે પૂર્વે જ સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થયેલા અને વિશ્વામિત્રીની સફાઈ કરી રહેલા આપના ૧૦ કાર્યકરની અટકાયત કરવામાં આવી હતી. આ સાથે જ જે લોકો ત્યાં વ્યવસાય કરતા હતા તેમનાં દબાણો હટાવવામાં આવ્યાં હતાં. આ દરમિયાન દબાણ શાખાની ટીમના અધિકારીઓ અને એક દારૂડિયા વચ્ચે જોવા જેવી થઈ હતી. આ દારૂડિયાએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો અને જમીન પર માથું પછાડ્યું હતું.મુખ્યમંત્રીના આગમન પૂર્વે જ સયાજી હોસ્પિટલની આસપાસ સાફ-સફાઈ, રંગરોગાન અને જ્યાં દિવસભર હોસ્પિટલના ગેટ બહાર ખાનગી એમ્બ્યુલન્સનો જમાવડો રહેતો હતો ત્યાં આજે સન્નાટો જોવા મળ્યો હતો.







## તંત્રી લેખ..

# ગન કલ્ચરને લઇ ચર્ચા

વિશ્વના જુદા જુદા દેશોમાં ગન કલ્ચરને લઈને હાલમાં ભારે ચર્ચા રહી છે. અમેરિકા સહિતાના કેટલાક દેશો ખુલ્લી રીતે ગન કલ્ચરને ટેકો આપી ચુક્યા છે ત્યારે તેમના વિરોધમાં પણ કેટલાક દેશ આગળ આવ્યા છે તે બાબત સ્વાગતરૂપ છે. અમેરિકાના પ્રમુખ દ્વારા બંદુક સંસ્કૃતિ અથવા તો ગન કલ્ચરના સમર્થનમાં હાલમાં આપવામાં આવેલુ નિવેદન ચોક્કસપણે શરમજનક અને વખોડવાલાયક નિવેદન છે. બીજી બાજુ આ નિવેદનને લઈને ખાસ કરીને ફ્રાન્સ અને બ્રિટનમાં અમેરિકાની કરવામાં આવેલી નિંદા સ્વાગતરૂપ છે. દુનિયાના જાગૃત દેશો અમેરિકાના નિવેદનની જોરદાર ટિકા કરી રહ્યા છે. આવા નિવેદનની ટિકા કરવામાં આવે તે જરૂરી પણ છે. થોડાક સમય પહેલા અમેરિકી પ્રમુખે અમેરિકાની રાષ્ટ્રીય રાઈફલ એસોસિએશનની બેઠકમાં ગન કલ્ચરની વાત કરીને તમામને ચોંકાવી દીધા છે. ગન લોબીને ખુશ કરનાર નિવેદન આપવા બદલ અમેરિકાના સત્તાધીશોની ચારેબાજુ ટિકા થઈ રહી છે. એ વખતે અમેરિકાના પ્રમુખે કહ્યુ હતુ કે કે ફ્રાન્સમાં જો ઉદાર નિયમ રહ્યા હોત તો વર્ષ ૨૦૧૫મા ફ્રાન્સને ત્રાસવાદી હુમલાનો સામનો કરવો પડ્યો ન હોત. સાથે સાથે તેમણે એમ પણકહ્યુ હતુ કે લંડનમાં છુરાબાજીની ઘટના એટલા માટે થાય છે કે ત્યાંના લોકો પાસે બંદુક નથી. ચિંતાની વાત એ છે કે જે દેશમાં બંદુક સંસ્કૃતિના કારણે પ્રતિ એક લાખની વસ્તી પર દર વર્ષે સરેરાશ ૨ ૩થી વધારે લોકો ઘાયલ થાય છે અને સરેરાશ ૧૦ લોકોના મોત થાય છે તે દેશના પ્રમુખ દુનિયાના દેશોમાં પણ બંદુક સસ્કૃતિને પ્રોત્સાહન આપવા ઈચ્છે તે શરમજનક નિવેદન છે. અમેરિકામાં સામાન્ય રીતે દર બીજી વ્યક્તિ પાસે ગન અથવા તો બંદુક છે. જેટલા લોકો ગનના કારણે નરસંહારનો શિકાર થાય છે તેના કરતા બે ગણા લોકો બન્દુક સરળ રીતે ઉપલબ્ધ થતા આત્મહત્યા કરી લે છે. આંકડા ચોક્કસપણે ચોંકાવનારા છે. છેલ્લા ૧૭ વર્ષના ગાળામાં અમેરિકી સ્કુલમાં ગન કલ્ચરના કારણે ૨૩ નરસંહાર થયા છે. એમ લાગે છે કે અમેરિકી પ્રમુખે આ દર્દનાક ઘટનાઓથી કોઈ પણ બોધપાઠ લીધા વગર આગળ વધવાની નીતિ અપનાવી છે. દરેક ભારતીય લોકો અમેરિકાની નિતીથી સામાન્ય રીતે પ્રભાવિત રહે છે. જેથી અમને વધારે સાવધાન રહેવાની જરૂર છે. થોડાક દિવસ પહેલા કસૌલીમાં એક અતિક્રમક ધારીએ અધિકારીની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. હરિયાણામાં ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ પ્રિન્સિપાલને ગોળી મારી દીધી હતી. આ વધતા ખતરાને સમજી લેવાની તાકીદની જરૂર છે. બન્દુકો વેચી દેવા માટેની રણનિતીને રોકવાની જરૂર છે. બર્બર કાવતરાને રોકવાની જરૂર છે. દરેક દેશ અને સમાજને સમજી લેવાની જરૂર છે કે હવે એવી કોઈ પ્રવૃતિ આગળ વધવી જોઈએ નહી જેના કારણે હથિયારોના વેચાણને પ્રોત્સાહન મળી શકે છે. અમેરિકાના હથિયારના પ્રેમ પર તમામ દેશો સાથે મળીને બ્રેક મુકે તે જરૂરી છે. અમેરિકાના વર્તનની ટિકા કરવા માટે પણ વિશ્વના દેશો આગળ આવે તે જરૂરી છે. શાંતિની ખાતરી કરવાની દિશામાં દેશો આગળ વધે તે જરૂરી છે. જેથી હથિયારોની જરૂર પડશે નહી.

# વધતી વયની રફ્તાર પર બ્રેક લાગશે

**ગ્રીન ટીમાં અનેક પ્રકારના એન્ટી ઓક્સીડન્ટ અને પ્લાન્ટ કમ્પાઉન્ડ હોય છે જે લાંબા સમય સુધી સ્વસ્થ રાખવામાં મદદરૂપ સાબિત થાય છે**

વધતી વયની રફતાર પર આવનાર સમયમાં બ્રેક મુકાશે. ૫૦ વર્ષ વયમાં પણ હવે જવાન રહી શકાશે. વૈજ્ઞાનિકોએ સૌથી સરળ રીત દર્શાવીને તમામને સાવધાન કર્યા છે. આરોગ્યને લઈને પરેશાન લાખો લોકો માટે સારા રાહત ભરેલા સમાચાર આવ્યા છે. લાંબી અને સ્વસ્થ વય કઈ રીતે મેળવી શકાય તે બાબત જાણવા માટે તમામ લોકો હમેંશા સાવધાન રહે છે. જીવનશેલી અને ભોજન કરવાની ખરાબ ટેવના કારણે કેટલાક પ્રકારની ગંભીર બિમારી જ લાગી રહી નથી બલ્કે સમય કરતા પહેલા મોટી વય તરફ પણ લોકો વધી રહ્યા છે. લોકો ઝડપથી મોટી વય તરફ વધી રહ્યા છે. જેના માટે કેટલાક કારણો રહેલા છે. આ ઉપરાંત પર્યાવરણમાં વધતા જતા પ્રદુષણના કારણે પણ લોકો વય કરતા પહેલા વૃદ્ધાવસ્થા તરફ વધી રહ્યા છે. હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસ પરથી દાવો કરવામાં આવ્યો છે કે વ્યવહારિક અને પર્યાવરણીય કારકોના પરિણામસ્વરૂપે લોકોની સરેરાશ વય સતત ઘટી રહી છે. તો શુ આ તમામ બાબતોથી બચી શકાય છે.

આ પ્રશ્નનો જવાબ હા છે. વૈજ્ઞાનિકોએ અભ્યાસ દરમિયાન એક ખાસ પીણાની માહિતી મેળવી છે. જેનો ઉપયોગ કરીને તમે વધતી વયની રફતાર પર બ્રેક મુકી શકાય છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે ગ્રીન ટીનો ઉપયોગ કરવાની બાબત સૌથી ફાયદાકારક સાબિત થઈ શકે છે. તેમાં કેટલાક પ્રકારના એન્ટી ઓક્સીડન્ટ તેમજ પ્લાન્ટ કમ્પાઉન્ડ જોવા મળે છે. જે તમને લાંબા સમય સુધી સ્વસ્થ રાખવામાં સહાયક સાબિત થાય છે. સાથે સાથે સમય કરતા પહેલા વૃદ્ધાવસ્થાના લક્ષણોને પણ રોકવામાં મદદ કરે છે. ગ્રીન ટીનો ઉપયોગ માત્ર જવાન રાખવામાં જ મદદરૂપ સાબિત થતા નથી. સાથે સાથે તેના ઉપયોગથી શરીરને કેટલાક પ્રકારના ખાસ લાભ થાય છે. ગ્રીન લીને અભ્યાસમાં લાભદાયક હોવાની બાબતને સમર્થન મળ્યુ છે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે ગ્રીન ટીમાં કેટલાક પ્રકારના આરોગ્ય લાભ રહેલા છે. તે આપના લાંબા જીવનના સપનાને પણ પૂર્ણ કરવામાં મદદ કરી શકે છે. ગ્રીન ટીને એન્ટી ઓક્સીડન્ટ, વિટામિન સી અને અન્ય કેટલીક જરૂરી પૌષખ તત્વોના એક સમૃદ્ધ સ્ત્રોત તરીકે ગણવામાં આવે છે. જે સ્કીનને સ્વસ્થ રાખવામાં મદદરૂપ સાબિત થાય છે. સાથે સાથે કેટલીક ગંભીર બિમારીની સામે પણ રક્ષણ આપે છે. ડાયાબિટીસ અને કેન્સર જેવી ગંભીર બિમારીમાં પણ ગ્રીન ટીના ઉપયોગ અંગે માહિતી મળી છે. ગ્રીન ટી સ્થુળતાને નિયંત્રિત કરવામાં ખાસ ભૂમિકા અદા કરે છે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે ગ્રીન ટી મેટાબોલિજમને વધારીને વજનને ઘટાડી દેવામાં મદદરૂપ સાબિત થાય છે. વજનના નિયંત્રિત રહેવાથી કેટલાક ગંભીર બિમારીઓનો જોખમ ઓછા થઈ જાય છે. ગ્રીન ટીના ઉપયોગને શરીરની સાથે સાથે માનસિક આરોગ્ય માટે પણ લાભપ્રદ ગણવામાં આવે છે. ગ્રીન ટી કેફીન અને એન્ટી ઓક્સીડન્ટના એક મોટા સોર્સ તરીકે છે. જે મુડને વધારી દેવામાં મદદરૂપ સાબિત થાય છે. ન્યુરો ડીજેનેરિટિવ રોગોના વિકાસના જોખમને ઘટાડી દેવાની સાથે સાથે ગ્રીન ટીનો ઉપયોગ માનસિક રોગના ખતરાથી સુરક્ષા આપવામાં મદદગાર સાબિત થાય છે. લાંબી વય માટે અન્ય કેટલાક ખાસ કામ કરી શકાય છે.

કેટલાક પ્રકારના કારણોસર લોકોની વય સતત ઘટી રહી છે. શોધમાં જાણવા મળ્યુ છે કે ભોજન અને જીવનશૈલીમાં સ્વસ્થ ફેરફાર કરીને શરીરને સ્વસ્થ રાખી શકાય છે. જે આપને લાંબા સમય સુધી જીવિત રાખવામાં મદદરૂપ સાબિત થાય છે. આ ઉપરાંત શારરિક સક્રિયતા પણ ખબુ જરૂરી છે. લોકોમાં સમયની સાથે ઓછી થતી શારરિક ગતિવિધીના કારણે પણ કેટલાક પ્રકારના રોગ લાગુ થઈ જાય છે. જેના કારણે ઓછી વયમાં મૃત્યુ થવાનો ખતરો વધી જાય છે. વધતી વયને લઈને કેટલીક વખત જુદા જુદા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા છે. જો કે આ તારણ વધારે નક્કર છે.



## કોરોના વાયરસના કારણે કિંમતો ઘટી ગઇ છે : હાલમાં સારી તક

**સંપત્તિને લઇને સલાહ આપનાર કંપની એનરોકના કહેવા મુજબ કોરોના વાયરસના કારણે આગામી દિવસોમાં આવાસની કિંમતોમાં વધુ ઘટાડો થનાર છે આ કંપનીએ તેના રિપોર્ટમાં કહ્યુ છે કે આ વર્ષે દેશના સાત મોટા શહેરોમાં ઘરના વેચાણમાં ૩૫ ટકા સુધીનો ઘટાડો થઇ શકે છે**

# ઘરના સપનાને પૂર્ણ કરવાની તક છે

**મોટા શહેરોમાં ઘરના વેચાણમાં ૩૫ ટકાનો ઘટાડો થનાર છે તેવો રિપોર્ટ તો પહેલાથી જ આવી ચુક્યો છે : વૈશ્વિક મંદીના ભણકારા વાગી રહ્યા છે**

કોરોના વાયરસના કારણે એસ્ટેટ સેક્ટરની હાલત તો પહેલાથી જ ખરાબ હતી અને કોરોના વાયરસના કારણે આ સેક્ટરની સ્થિતી વધારે ખરાબ થઈ ગઈ છે. સંપત્તિને લઈને સલાહ આપનાર કંપની એનરોકના કહેવા મુજબ કોરોના વાયરસના કારણે આગામી દિવસોમાં આવાસની કિંમતોમાં વધુ ઘટાડો થનાર છે. આ કંપનીએ તેના રિપોર્ટમાં કહ્યુ છે કે આ વર્ષે દેશના સાત મોટા શહેરોમાં ઘરના વેચાણમાં ૩૫ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. કંપનીએ એક રિપોર્ટમાં કહ્યુ છે કે વૈપારિક સંપત્તિના વેચાણ પર તેની માઠી અસર જોવા મળી શકે છે. વેચાણમાં મંદીના કારણે કિંમતોમાં ઉલ્લેખનીય ઘટાડો થનાર છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે પટ્ટા પર ઓફિસ માટેની ગતિવિધીઓમાં ૩૦ ટકાનો ઘટાડો થઈ શકે છે. રિટેલ ક્ષેત્રમાં ૬૪ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. એનરોક પ્રોપર્ટીના ચેરમેન અનુજ પુરીએ માહિતી આપતા કહ્યુ છે કે નરમ માંગ અને રોકડની ખરાબ સ્થિતીના કારણે રિયલ એસ્ટેટ સેક્ટરની હાલત તો પહેલાથી જ



ખરાબ થયેલી છે. હવે કોરોના વાયરસના કારણે સ્થિતી વધારે ખરાબ થઈ ગઈ છે. તેના કારણે પ્રતિકુળ સ્થિતી સર્જાઈ ગઈ છે. વેચાણમાં ઘટાડાની અસર કિંમતો પર થનાર છે. આવનાર દિવસોમાં ઘરની કિંમતોમાં વધારે ઘટાડો થનાર છે. હાલમાં સમગ્ર દેશઆ મહામારીથી બહાર નિકળવા માટે મથામણ કરી રહ્યુ છે. પરંતુ જ્યારે સ્થિતી સામાન્ય બનશે ત્યારે ઘરની ખરીદી કરવા માટે ઈચ્છુક લોકો માટે એક શાનદાર સ્થિતી રહેનાર છે. રિઝર્વ બેંકે હાલમાં રેપો રેટમાં ૭૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી દીધો છે. કેટલીક બેંકો તો ગ્રાહકો સુધી તેના લાભને પહોંચાડી ચુક્યા છે. એવી અપેક્ષા પણ કરવામાં આવી રહી છે કે આવનાર દિવસોમાં રિઝર્વ બેંક હજુ વધારે ઘટાડો કરી શકે છે. જેના કારણે હોમ લોન ખુબ સસ્તી થઈ જશે. હોમ લોન પર પાંચ લાખ સુધી ટેક્સમાં છુટછાટનો લાભ લઈ શકાય છે. આ બજેટમાં ઘોષણો કરવામાં આવી હતી કે સેક્શષન ૮૦ ઈઈએ હેઠળ લોનના વ્યાજ પર ફેરચુકવણી પર ૧.૫ લાખની છુટછાટ અલગથી મળનાર છે. જો ઘરની કિંમત ૪૫ લાખ રૂપિયા છે તો તેના પર લાભ મળનાર છે. તે ઉપરાંત સેક્શન ૨૪બી હેઠળ વ્યાજ ફેરચુકવણી પર બે લાખની છુટછાટ પહેલાથી જ રહેલી છે. સાથે સાથે સેક્શન ૮૦ સી હેઠળ હોમ લોનની મુખ્ય રકમ પર ૧.૫ લાખની છુટછાટ રહેલી છે. સેક્શન ૮૦ ઈઈએનો લાભ લેવા માટેનવી તારીખને કોરોના વાયરસના કારણે વધારી દેવામાં આવી છે. પહેલા આ તારીખ ૩૧મી માર્ચ ૨૦૨૦ સુધી હતી કોરોના વાયરસના કારણે દેશ અને દુનિયામાં અભૂતપૂર્વ સ્થિતી હાલમાં સર્જાયેલી છે. તમામ પ્રવૃતિઓ બિલકુલ ઠપ્પ થયેલી છે. તમામ પ્રકારના કારોબાર બંધ છે. રેલવે અને બસ પરિવહન જેવી સેવા પણ બંધ રાખવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં મંદીના ભણકારા વાગી રહ્યા છે. કેન્દ્ર સરકારના લોકો પણ લોકડાઉનના સંબંધમાં કેટલાક સંકેત આપી ચુક્યા છે. જો કે આગામી બે ત્રણ મહિના સુધી હાલમાં સ્થિતી હળવી બને તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.



## કામની વાત : માત્ર એક સખ્ત ઇરાદાથી વ્યક્તિ ખોટી ટેવ છોડે છે...

**જુદા જુદા સામાજિક પ્રસંગોમાં પણ આ પ્રકારના શરાબ પિવાની ટેવ ધરાવતા લોકો હમેંશા પ્રસંગની મજા બગાડી નાંખે છે આના કારણે પરિવારના લોકોને અપમાનિત થવાની સ્થિતીનો સામનો કરવો પડે છે ઘરમાં પણ શરાબ પીનાર લોકોના પરિવાર પર આની અસર થાય છે**

# મજબુત ઇરાદાથી શરાબ છોડી શકાય

**મજબુત ઇચ્છાશક્તિ હોય તો શરાબની ટેવને છોડી શકાય છે : મન પર નિયંત્રણ પણ ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે : પારિવારિક સમર્થન જરૂરી**

દેશમાં જુદા જુદા રાજ્યો અને શહેરોમાં મોટી સંખ્યામાં લોકો શરાબની ટેવથી ગ્રસ્ત છે. આ લોકોના પરિવારના સભ્યો પણ તેમની આ પ્રકારની ટેવના કારણે દુખી થયેલા છે. તેમની સાચવણીની કામગીરી પરિવાર માટે પણ મુશ્કેલરૂપ હોય છે. જુદા જુદા સામાજિક પ્રસંગોમાં પણ આ પ્રકારના શરાબ પિવાની ટેવ ધરાવતા લોકો હમેંશા પ્રસંગની મજા બગાડી નાંખે છે. આના કારણે પરિવારના લોકોને અપમાનિત થવાની સ્થિતીનો સામનો કરવો પડે છે. ઘરમાં પણ શરાબ પીનાર લોકોના પરિવાર પર આની અસર થાય છે. એમ કહેવામાં આવે છે કે જુની ટેવ ખુબ મુશ્કેલથી છુટે છે. પરંતુ આનો મતલબ એ નથી કે જુની અને ખરાબ ટેવને છોડી શકાય નહી. ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે. શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે. શરાબની ખોટી ટેવને છોડી દેવા માટે એક મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. જો મજબુત ઈરાદા સાથે આગળ



વધવામાં આવે તો મંજિલ નજીક દેખાઈ શકે છે. વિલ પાવરને અથવા તો ઈચ્છાશક્તિને મજબુત કરવાની સૌથી પહેલા જરૂર રહે છે. જો વિલ પાવર મજબુત રહેશે તો જ આની સામે લડત મેળવી શકાય છે. કેટલીક દેશી અને વિદેશી શોધમાં આ વાત નિકળીને સપાટી પર આવી છે કે મન પર નિયંત્રણ કરીને આપને જુની ટેવ છોડવામાં મદદ મળી શકે છે. જ્યારે પણ શરાબની તલબ લાગે છે ત્યારે અન્ય ચીજોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અન્ય ખરાબ ટેવને છોડવા માટે ધીમે ધીમે પ્રયાસ કરવા જોઈએ. કોઈ ટેવને છોડવા માટે તબક્કાવાર રીતે પ્રયાસો હાથ ધરવા જોઈએ. એકદમ બંધ કરી દેવાથી નુકસાન થઈ શકે છે. કારણ કે નશાની શરીરને ટેવ પડેલી હોય છે. જેથી એકદમ છોડી દેવાની સ્થિતીમાં તે વધારે અસર કરી શકે છે. આડ અસર કરી શકે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરાબના કારણે અન્યોને નુકસાન થાય છે. આપની આસપાસના લોકો અને બાળકોને પણ નુકસાન થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબ અનેક બિમારીને આમંત્રણ આપે છે. જેમાં કેન્સર જેવી જીવલેણ બિમારી પણ સામેલ છે. અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકો પર માઠી અસર થાય છે. આ પ્રકારની શરાબની ટેવથી કેટલીક ગંભીર પ્રકારની આરોગ્યની તકલીફ ઊભી થાય છે. તે પ્રકારના તારણો પહેલાંથી જ બહાર આવી ચૂક્યા છે. હવે નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબની ટીનેજરો ઉપર માઠી અસર થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નાના બાળકો ધરાવતા માતાપિતા પૈકીના ઘણા માતાપિતા બાળકો ઘરે અભ્યાસ કરે છે ત્યારે અથવા તો રમતા હોય છે ત્યારે ઘરમાં શરાબ સેવન કરે છે. આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોનું સ્કૂલમાં વર્તન પણ અશાંત રહે છે. શિક્ષણમાં પણ નબળા હોય છે. ભણવામાં નબળા હોવાના કારણો જાણવા મળ્યા નથી. તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યની ઘણી સમસ્યાઓ શરાબના લીધે ઊભી થાય છે. અસ્થમા, હાર્ટના રોગ, ફેંફસાના કેન્સર સહિતના ઘણા ગંભીર રોગ શરાબની ટેવના કારણે થાય છે તેવા અહેવાલ પહેલેથી જ આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિને શરાબ પીવાની ટેવ પડી ગઈ છે તો સૌથી પહેલાં તેને છોડી દેવાના પ્રયાસ કરવા જોઈએ. અલબત્ત આમા સમય લાગી શકે છે પરંતુ ત્યાં સુધી તેની આડ અસરથી બચી શકાય છે. ડૉ. વિજય કે એસ શુક્લાનું કહેવું છે કે શરાબનો ઉપયોગ કરવાથી કેન્સર, હાર્ટના રોગ, ડાયાબિટીશ, સ્ટ્રોક, કોલ્ડ અને કફ જેવી તકલીફ થઈ શકે છે. સામાન્ય રીતે આ તમામ તકલીફો શરાબના વધારે પડતા ઉપયોગ અને પોષક તત્ત્વોનો ઓછો ઉપયોગ કરવાથી થાય છે. શરાબ સેવન પછી શરીરમાં વિટામીન સી અને ઈ, ઝીંક, કેલ્સિયમ, ફલોટ અને ઓમેગા થ્રીની અછત ઊભી થઈ જાય છે. આવી સ્થિતિમાં ખાવા પીવાની ચીજવસ્તુઓ મારફતે આવી ચીજોનો ઉપયોગ કરવામાં આવે તો શરીરને નુકશાન થવાની તકો ઘટી જાય છે. ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમાં શરાબ પર પ્રતિબંધ છે. જ્યારે કેટલાક રાજ્યોમાં તો શરાબને છુટછાટ મળેલી છે.

## ભારતનો જી ૨૦ લોગો પણ આવી જ ફિલસૂફીની વાત કરે છે

**આ મિશનને ઉજાગર કરવા માટે ભારત તેની જી-૨૦ પ્રેસિડેન્સીની થીમ તરીકે 'વસુધૈવ કુટુંબકમ' એટલે કે 'એક ધરતી, એક પરિવાર, એક ભવિષ્ય'ને અપનાવી રહ્યું છે. એક પ્રાચીન સંસ્કૃત ગ્રંથ મહા ઉપનિષદ પરથી લેવામાં આવેલી આ ફિલસૂફી ભારતના છેક ૨૦૧૪ના રાજદ્વારી વિશ્વદષ્ટિકોણમાં પડઘો પાડે છે**

# ભારતની જી૨૦ પ્રમુખપદની અવધિઃ ઊભરતાં અર્થતંત્રો માટે ઐતિહાસિક ક્ષણ

**ગયા મહિને ગુજરાતના સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસની હાજરીમાં પીએમ દ્વારા આ મિશનનો સત્તાવાર રીતે શુભારંભ કરવામાં આવ્યો હતો**

ભારત એક મહિનાથી પણ ઓછા સમયમાં ૧ ડિસેમ્બરના રોજ ગ્રૂપ ઓફ ટ્વેન્ટી (જી-૨૦)નું પ્રમુખપદ સંભાળવાની તૈયારી કરી રહ્યું છે, ત્યારે તે વિશ્વના વિકાસશીલ દેશોની ચિંતાઓ અને પ્રાથમિકતાઓ માટે બોલવા માટે એક અનોખી સ્થિતિમાં જોવા મળે છે. આ પ્રતિષ્ઠિત આંતરસરકારી મંચના ૧૪ વર્ષના લાંબા ઈતિહાસમાં ઊભરતાં અર્થતંત્રોની આગેવાની હેઠળની આ પ્રકારની પ્રથમ એવી ઈન્ડોનેશિયા-ભારત-બ્રાઝિલ જી-૨૦ ટ્રોઈકે (પુરોગામી, વર્તમાન અને અનુગામી)નાં કેન્દ્રમાં ભારત છે. લગભગ ૧.૪ અબજની વસતિ સાથે વિશ્વનું પાંચમું સૌથી મોટું વિકસતું અર્થતંત્ર હોવાને નાતે ભારત સમકાલીન વાસ્તવિકતાઓને વધુ સારી રીતે રજૂ કરવા વૈશ્વિક વૃતાંતને અસરકારક રીતે માર્ગદર્શન આપવા માટે નોંધપાત્ર આર્થિક, રાજકીય અને સામાજિક પ્રભાવ ધરાવે છે.

આ જી-૨૦ ક્ષણ રાષ્ટ્ર માટે એક એવા આંતરરાષ્ટ્રીય એજન્ડાને આગળ ધપાવવા, કલ્પના કરવાની અને આગળ આપવાની તક છે, જે સર્વસમાવેશક, સમાન અને સાતત્યપૂર્ણ વિકાસને આગળ ધપાવે છે, જેમાં લ્હાઈ (પર્યાવરણ માટે જીવનશૈલી), ડિજિટલ જાહેર માળખાગત સુવિધા, મહિલા સશક્તીકરણ અને ટેકનોલોજી-સક્ષમ વિકાસ પર ઊંડું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

જો કે, વધુને વધુ ધ્રુવીકરણ પામેલી વિશ્વ વ્યવસ્થાની વચ્ચે આ પ્રાથમિકતાઓને પ્રકાશિત કરવી એ કોઈ નાનું કાર્ય નથી. ભારતનું પ્રમુખપદ રશિયા-યુક્રેન સંઘર્ષનાં પરિણામ અને વ્યાપક આર્થિક મંદીથી માંડીને વિકાસશીલ રાષ્ટ્રોને અસર કરતી ગંભીર દેવાની કટોકટી સુધીની અન્ય વૈશ્વિક ચિંતાઓ સાથે ટકરાય છે. કોવિડ-૧૯ મહામારીએ દાયકાઓની વિકાસલક્ષી પ્રગતિને પણ ભારે વિક્ષેપિત કરી છે, જે સંયુક્ત રાષ્ટ્ર (યુએન) ટકાઉ વિકાસ લક્ષ્યાંકો (એસડીજી)ને વધુ તાત્કાલિક આપત્તિ નિવારણની તરફેણમાં પૃષ્ઠભૂમિમાં મૂકે છે. આ તબક્કે જેનાં મૂળ વૈશ્વિક એકબીજા સાથે જોડાયેલાં છે એવા ટકાઉ અને સ્થાયી વિકાસ, સહિયારી જવાબદારી અને સર્ક્યુલર ઈકોનોમીનું ભારતનું વિઝન એ સમયની તાતી જરૂરિયાત છે.

આ મિશનને ઉજાગર કરવા માટે ભારત તેની જી-૨૦ પ્રેસિડેન્સીની થીમ તરીકે 'વસુધૈવ કુટુંબકમ' એટલે કે 'એક ધરતી, એક પરિવાર, એક ભવિષ્ય'ને અપનાવી રહ્યું છે. એક પ્રાચીન સંસ્કૃત ગ્રંથ મહા ઉપનિષદ પરથી લેવામાં આવેલી આ ફિલસૂફી ભારતના છેક ૨૦૧૪ના રાજદ્વારી વિશ્વદષ્ટિકોણમાં પડઘો પાડે છે, જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ યુએન જનરલ એસેમ્બલીનાં તેમનાં ઐતિહાસિક સંબોધનમાં "વિશ્વ પરિવાર"ની વાત કરી હતી. તે સમયે, પ્રધાનમંત્રી જી -૪ ગઠબંધન માટે મોટી ભૂમિકા માટે હાકલ કરી રહ્યા હતા, નીતિને "ઝીરો સમ ગેમ-(એકનો ફાયદો એ બીજાનું નુકસાન)" તરીકે જોવાનું બંધ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આજે, આ સંદેશ પહેલા કરતાં વધુ સુસંગત છે, કારણ કે માનવતા તેના અત્યાર સુધીના સૌથી મોટા અસ્તિત્વના ખતરા - આબોહવા પરિવર્તનની વ્યાપક અસર - સાથે ઝઝૂમી રહી છે. ભારતનો વિષય- આ થીમ વિશ્વના નેતાઓ તેમજ વૈશ્વિક નાગરિકોને નાનામાં નાના સૂક્ષ્મસજીવોથી માંડીને સૌથી મોટી સભ્યતાની ઈકોસિસ્ટમ સુધીનાં તમામ જીવન સ્વરૂપોનાં આંતરજોડાણ અને આ સહિયારું ભવિષ્ય કેવી રીતે સમાન જવાબદારી અને વ્યક્તિગત હસ્તક્ષેપોને જન્મ આપે છે એની યાદ અપાવવાની આશા રાખે છે.

ભારતનો જી ૨૦ લોગો પણ આવી જ ફિલસૂફીની વાત કરે છે. અવરોધો વચ્ચે વિકાસનું પ્રતીક એવાં દેશનાં રાષ્ટ્રીય ફૂલ કમળનાં ખોળામાં પૃથ્વીની છબી- ભારતના જીવન પ્રત્યેના ગ્રહ-તરફી અભિગમની વાત કરે છે, અને લોગોનું કેસરી, શ્વેત અને હરિયાળીનું અવિરત મિશ્રણ ભારતની સાંસ્કૃતિક લાક્ષણિકતાને ટેકો આપતા વિવિધતા અને સમાવેશતાના સિદ્ધાંતોને પ્રતિબિંબિત કરે છે. ભારત લાંબા સમયથી સાર્વત્રિક સંવાદિતા અને જોડાણનું પુરસ્કર્તા રહ્યું છે અને આજે પણ છે.

લાઈફ (પર્યાવરણ માટે જીવનશૈલી)ની વિભાવના આ સિદ્ધાંતો સાથે ગાઢ સંબંધ ધરાવે છે અને પ્રધાનમંત્રીએ નવેમ્બર, ૨૦૨૧માં ગ્લાસગોમાં સીઓપી૨૬માં તે પ્રસ્તુત કરી હતી. ગયા મહિને ગુજરાતના સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસની હાજરીમાં પીએમ દ્વારા આ મિશનનો સત્તાવાર રીતે શુભારંભ કરવામાં આવ્યો હતો. તેના સારાંશમાં, આ ચળવળનો ઉદ્દેશ "આબોહવા પરિવર્તન સામેની લડતને લોકશાહી" બનાવવાનો છે, જેમાં "દરેક વ્યક્તિ તેની ક્ષમતા અનુસાર યોગદા આપી શકે છે," એમ પ્રધાનમંત્રીએ તેમનાં ભાષણમાં જણાવ્યું હતું. સામાજિક તેમજ વ્યક્તિગત એમ બંને સ્તરે વપરાશ અને ઉત્પાદનની પેટર્નમાં ફેરફારો કરીને, લાઈફ (લ્હાઈ) સમગ્ર વિશ્વમાં મોટા પાયે પર્યાવરણીય રીતે ટકાઉ પદ્ધતિઓને પ્રોત્સાહિત કરવાની આશા રાખે છે. પોતાની જી-૨૦ની અધ્યક્ષતા હેઠળ ભારતને તેની સંવાદિતાપૂર્ણ ફિલસૂફી અને પ્રાચીન સભ્યતાની પરંપરાઓને પ્રદર્શિત કરવાની તક મળશે, જેણે પૃથ્વી સાથે તેના સંપૂર્ણ સંબંધોને પેઢીઓથી ટકાવી રાખ્યા છે. ભારતનો ટકાઉ પદ્ધતિઓનો સમૃદ્ધ ઈતિહાસ તેને આબોહવા અને વિકાસના એજન્ડાનાં એકીકરણ વિશે વાત કરવા માટે તેને અનન્ય સ્થાન આપે છે.

